ગુજરાત આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજમાં 'સાહિત્ય અને લોકપ્રિયતા' પર પરિસંવાદ

# વ્યકિતના આંતરમનમાં ઊતરી શકાય તેવા સાહિત્યથી શ્રેષ્ઠ પાત્રોનું સર્જન થતું હોય છે

સાહિત્ય અકાદમી ન્યુ દિલ્હી અને ગુજરાત આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા પરિસંવાદમાં નાટ્યકાર સતીશ વ્યાસે લોકપ્રિય સાહિત્યની વિભાવનાની વાત કરતાં કહ્યું કે, સાહિત્યને લોકરંજક અને લોકપ્રિય એમ બે ભાગમાં વહેચવું જોઇએ. જેનાથી સાહિત્યના લોકોની પોતાની પસંદગી મુજબ જ્ઞાન મળી રહે અને તેમાંથી નવા સાહિત્યના સર્જનમાં પોતાનું યોગદાન આપી શકે. વ્યકિતના આંતરમનમાં ઊતરી શકાય તેવા સાહિત્યથી શ્રેષ્ઠ પાત્રોનું સર્જન થતું હોય છે. તેમજ કવિ અને સાહિત્યકાર વિનોદ જોશીએ કહ્યું કે, લોકપ્રિય અને પ્રતિષ્ઠ સાહિત્ય વચ્ચે ભેદભાવ ના હોવો જોઇએ. લોકપ્રિય સાહિત્યમાં ગુણવત્તા નથી હોતી એવું માનવું જોઇએ નહીં. મુંબઇ સાહિત્ય અકાદમીના ઓમપ્રકાશ નાગરે કહ્યું કે, દરેક વ્યકિતની સમજશક્તિ ઘણી જુદી હોય છે અને તે મુજબ પોતાનું કામકાજ કરતો હોય છે. વ્યક્તિ સાહિત્યથી મોટો બની શકતો નથી.